Letter No: PCCFO/0658/01/2023 Dt: 19-01-2023

ના-વાંધા પ્રમાણપત્ર નંબર- /૨૦૨૨-૨૩

ગાંધીનગર, તા. .૦૧.૨૦૨૩

**વિષય :** <u>વાંસદા નેશનલ પાર્કના ઈકો સેન્સીટીવ ઝોનમાં આવેલ તાપી જીલ્લાના ડોલવણ તાલુકાના મોજે ચુનાવાડી ગામમાં ૪૩૩૬ મીટર લાંબાઈ અને ૧૮ મીટર પહોળાઈની ૬૬ કેવી ઈલેક્ટ્રીક લાઇન નાંખવા ૦.૯૦૨ હે. જમીન માટે વન્યજીવ દ્રષ્ટિકોણથી ના-વાંધા પ્રમાણપત્ર આપવા બાબત.</u>

**અરજદારશ્રી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, બાંધકામ પેટા વિભાગ (જેટકો), નવસારી**

**વંચાણે લીધા:**

(૧) મુખ્ય વન સંરક્ષકશ્રી, વલસાડ વન વર્તુળ, વલસાડના પત્ર નંબર:

અ/જમન/૧૪/૧૫૨૫-૨૭, તા.૨૮/૧૧/૨૦૨૨

(૨) પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના જાહેરનામા એસ.ઓ. નં. ૧૨૫૮(ઈ), તા.૩૧.૦૫.૨૦૧૨

(૩) રાષ્ટ્રીય ઉદ્યાનના ઈકો સેન્સીટીવ ઝોન મોનીટરીંગ કમિટીની તા.૦૭/૦૯/૨૦૨૨ના રોજ યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ

(૪) વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય ગાધીનગરના ઠરાવ ક્રમાંક:વપસ-૧૦૧૨-૧૩૩-ડબલ્યુ, તા.૩૧/૦૫/૨૦૧૨

વંચાણે લીધેલ ક્રમ -૧ થી મળેલ અહેવાલમાં અરજદારશ્રી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, બાંધકામ પેટા વિભાગ (જેટકો) નવસારી દ્વારા તાપી જીલ્લાના ડોલવણ તાલુકાના ચુનાવડી ગામના ૪૩૩૬ મીટર લંબાઈ અને ૧૮ મીટર પહોળાઈના વિસ્તારમાં ૬૬ કેવી ઈલેક્ટ્રીક લાઈન નાંખવા માટે ૦.૯૦૨ હે. જમીન માટે વન્યજીવ દ્રષ્ટિકોણથી ના-વાંધા પ્રમાણપત્ર આપવા દરખાસ્ત કરેલ છે.

દરખાસ્ત અનુસંધાને સદરહુ માગણીવાળુ સ્થળ વાંસદા નેશનલ પાર્ક વિસ્તારથી ૦.૯૦૨ કિ.મી. અંતરે આવેલ છે તથા વંચાણ લીધેલ ક્રમ-૨ થી સદરહું સ્થળનો જાહેર થયેલ વાંસદા નેશનલ પાર્કના ઈકો સેન્સીટીવ ઝોનમાં સમાવેશ કરવામાં આવેલ છે.

વધુમાં, સદર દરખાસ્તને તા. ૦૭.૦૯.૨૦૨૨ના રોજ મળેલ વાંસદા નેશનલ પાર્કના ઈકો સેન્સીટીવ ઝોન મોનીટરીંગ કમિટી દ્વારા બહાલી આપવામાં આવે છે તેમજ સંબંધિત નાયબ વન સંરક્ષકશ્રી અને મુખ્ય વન સંરક્ષકશ્રી દ્વારા ના-વાંધા પ્રમાણપત્ર આપવા ભલામણ કરેલ છે.

ઉપર મુજબની વિગતો તથા ક્ષેત્રિય અને મોનીટરીંગ કમિટીનો અભિપ્રાય ધ્યાને લઈ અરજદારશ્રી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, બાંધકામ પેટા વિભાગ (જેટકો) નવસારીને તાપી જીલ્લાના ડોલવણ તાલુકાના ચુનાવડી ગામમાં ૪૩૩૬ મીટર લંબાઈ અને ૧૮ મીટર પહોળાઈની ૬૬ કેવી ઈલેક્ટ્રીક લાઇન નાંખવાના હેતુ માટે ૦.૯૦૨ હે. જમીનને વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના તા.૩૧/૦૫/૨૦૧૨ના ઠરાવ અનુસાર અત્રેને મળેલ સત્તાની રૂએ નીચેની શરતોને આધિન વન્યજીવ દ્રષ્ટિકોણથી ના-વાંધા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

**શરતો:**

૧. કામગીરી દરમ્યાન વન્યજીવોના રહેઠાણ, વનસ્પતિ તેમજ વન્યજીવ સૃષ્ટિને કોઈ ખલેલ ન પડે તેમજ તેને કોઈપણ પ્રકારનું નુકશાન ન થાય તેની કાળજી લેવાની રહેશે.

૨ ભવિષ્યમાં"ના વાંધા પ્રમાણપત્ર" નો આપેલ હેતુ સિવાય અન્ય કોઇ હેતુ માટે હેતુફેર કરી શકાશે નહી. બાંધકામ દરમ્યાન તથા ભવિષ્યમાં હવા, પાણી, જમીન, અવાજ વિગેરેનું પ્રદુષણ થાય તેવી કોઈપણ કામગીરી કરી શકાશે નહી.

૩ સદરહું વિસ્તારમાંથી પ્રવાહી, પ્લાસ્ટીક કે અન્ય કોઈપણ પ્રકારનો ઘન કે પ્રવાહી કચરો અભયારણ્ય કે અભયારણ્યના ઈકો સેન્સીટીવ ઝોનમાં પ્રવેશે નહી તે રીતે કાયમી નિકાલની વ્યવસ્થા કરવાની રહેશે.

૪. વન ભૂમિના ઉપયોગ માટે વન સંરક્ષણ ધારા – ૧૯૮૦ હેઠળ અલગથી મંજુરી મેળવવાની રહેશે.

૫. અરજદાર કંપની અથવા તેમના કોન્ટ્રાક્ટર પરવાનગી આપેલ જગ્યા સિવાય અન્ય કોઈ જગ્યાએ કામગીરી કરી શકશે નહી.

Signature Not Verified
Signed by: Nityanand Srivasatva
Date: 2023.01.19 15:46:42 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૬.   કામગીરી શરુ કરતા પહેલા તથા કામગીરી પૂર્ણ થયા બાદ વન વિભાગની સ્થાનિક કચેરીને  લેખિતમાં જાણ કરવાની રહેશે.

૭.   ઈકો સેન્સીટીવ ઝોનનો ઝોનલ માસ્ટર પ્લાન તૈયાર થયે તેમાં કરવામાં આવનાર લાગુ પડતી જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮.   વન્યજીવોના સંરક્ષણ સંબંધે ભવિષ્યમાં ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન કે રાજ્ય સરકારશ્રી દ્વારા કોઈ વધારાની શરત મુકવી જરૂરી જણાશે તો આ વધારાની શરતોનો અમલ કરવાનો રહેશે.

ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

.................................................................................................................................

ક્રમાંક:વપસ/૩૨/બ/          /૨૦૨૨-૨૩
અરણ્ય ભવન, બ્લોક બી/૧, સેક્ટર નં.૧૦/એ,
ચ-૩ સર્કલ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
**E-mail ID :** cwlwguj@gmail.com
ફેક્સ નંબર : ૦૭૯-૨૩૨૫૪૭૮૮

તા.   /૦૧/૨૦૨૩

**પ્રતિ,**

મુખ્ય વન સંરક્ષકશ્રી,

વન વર્તુળ, વલસાડ

**નકલ રવાના:**

૧.   નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, બાંધકામ પેટા વિભાગ (જેટકો), નવસારી તરફ જાણ સારૂ.

૨.   નાયબ વન સંરક્ષકશ્રી, ડાંગ દક્ષિણ વન વિભાગ, આહવા તરફ શરતોના પાલનની બાંહેધરી મેળવી અત્રેને જાણ કરવા સારૂ.